# એમપીએસઈઝેડ યુટિલિટીઝ લિમિટેડ

રજી. ઓફિસઃ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ, ૩૮૨૪૨૧.

**અરજી નં. ૨૦૩૬/૨૦૨૧ની સમરી, જેનો હેતુ (૧) ના.વ. ૨૦૨૦-૨૧ના ટ્રુ અપનો અને (૨) ના.વ. ૨૦૨૨-૨૩ માટે કુલ મહેસૂલી આવકની જરૂરિયાત તથા દર નિર્ધારણનો છે.**

**પશ્ચાદભૂમિકાની માહિતી**

- એમપીએસઈઝેડ યુટિલિટીઝ લિમિટેડ (એમયુએલ), (અગાઉ તે એમપીએસઈઝેડ યુટિલિટિઝ પ્રાઈવેટ લિમિટેડ (એમયુપીએલ) તરીકે ઓળખાતી હતી) કંપની ધારા, ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ ૨૦૦૮માં નોંધાયેલી કંપની છે. તેણે ૨૮.૦૮.૨૦૧૦ થી પોતાના વેપારી ધોરણે કામકાજનો આરંભ કર્યો છે અને તે મુંદ્રા એસઈઝેડમાં વિવિધ એકમોને વીજળી વિતરણ માટેનું વિતરણ નેટવર્ક સ્થાપિત કરવાની પ્રક્રિયા આગળ ધપાવી રહી છે.
- એમયુએલ મુંદ્રા એસઈઝેડ વિસ્તારમાં વિતરણ પરવાનેદાર તરીકે વીજળીના વિતરણના કારોબારમાં પ્રવૃત્ત છે. એમયુએલ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ (૧) ના.વ. ૨૦૨૦-૨૧ માટેના ટ્રુ અપ અને (૨) ના.વ. ૨૦૨૨-૨૩ માટે કુલ રેવન્યુની જરૂરત તથા દર નિર્ધારણ માટે જીઈઆરસી (મલ્ટી યર ટેરિફ) નિયમનો, ૨૦૧૬ તથા તારીખ ૨૪.૦૯.૨૦૨૧ના સુઓ મોટો આદેશ અનુસાર અરજી કરવામાં આવી છે.

**ના.વ. ૨૦૨૦-૨૧ માટેનું ટ્રુ અપ**

- અરજદારી તેની મલ્ટી યર ટેરિફ અરજી હેઠળ ના.વ. ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ના કન્ટ્રોલ પિરિયડ માટેના અંદાજો રજૂ કર્યા હતા અને તે મુજબ નામદાર આયોગ દ્વારા પોતાના તારીખ ૩૧.૦૩.૨૦૧૭ ના એમવાયટી આદેશ અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧ માટેના એઆરઆરને બહાલી આપવામાં આવી હતી.
- અરજદારે તેની એમટીઆર પિટિશનમાં ના.વ. ૨૦૨૦-૨૧ માટેના સુધારેલા અંદાજો રજૂ કર્યા હતા અને તદ્દનુસાર આદરણિય પંચ દ્વારા તેમના તારીખ ૩૦.૦૭.૨૦૧૯ના આદેશથી ના.વ. ૨૦૨૦-૨૧ માટે એઆરઆરને બહાલી આપવામાં આવી હતી.
- અરજદારે આ અરજીમાં ઓડિટ કરાયેલા હિસાબોના આધારે ના.વ. ૨૦૨૦-૨૧ની ટ્રુ અપ માટેની વિગતો રજૂ કરી છે.
- એમવાયટી નિયમનો, ૨૦૧૬ અનુસાર વાસ્તવિક ખર્ચ અને તેની સામે બહાલી અપાયેલા ખર્ચને ધ્યાનમાં લઈને, અરજદારે એઆરઆરનું ટ્રુ અપ કર્યું છે, નિયંત્રણ હેઠળના તેમજ નિયંત્રણ બહારના માપદંડોના આધારે નફા અને નુકશાનની ગણતરી કરી છે.
- અરજદાર દ્વારા પોતાના પરવાના વિસ્તારમાં ના.વ. ૨૦૨૦-૨૧ માટે કરાયેલું વેચાણ ૩૬૩.૩૩ એમયુ છે. વિતરણ નુકશાન ના. વ. ૨૦૨૦-૨૧ માટે ૪.૦૦% ના અંદાજો સામે ૩.૨૫% થયું છે, જ્યારે વહન નુકશાન ના.વ. ૨૦૨૦-૨૧ માટે અંદાજિત ૧.૨૦% સામે ૦.૪૬% રહ્યું છે. તે મુજબ, ના.વ. ૨૦૨૦-૨૧ માટે ઉર્જાનું સરવૈયું વાસ્તવિક વેચાણો તથા વાસ્તવિક ટી એન્ડ ડીના નુકશાનને આધારે રજૂ કરાયું છે.
- એમયુએલ દ્વારા આ નફા / નુકશાનમાં હિસ્સાની વહેંચણી પછી ના. વ. ૨૦૨૦-૨૧ માટે વસૂલ કરવા પાત્ર ટ્રુ અપ કરાયેલા એઆરઆરની સમરી અહીં નીચે દર્શાવી છે.

**કોષ્ટક ૧: ના.વ. ૨૦૨૦-૨૧ માટે ટ્રુ અપ કરાયેલી એઆરઆર**

(રૂા. કરોડમાં)

| વિગતો | | વાસ્તવિક ના.વ. ૨૦૧૯-૨૦ માટે |
|---|---|---|
| ના.વ. ૨૦૨૦-૨૧ માટે એમટીઆર આદેશમાં મંજુર કરાયેલી એઆરઆર | (એ) | ૧૮૨.૭૩ |
| બાદઃ નિયંત્રણ થઈ શકે તેવા પરિબળોના આધારે થયેલો નફો / (નુકશાન) ગ્રાહકો સાથે વહેંચવાના (૧/૩) | (બી) | ૦.૦૦ |
| બાદઃ નિયંત્રણ થઈ શકે નહીં તેવા પરિબળોના આધારે થયેલો નફો (નુકશાન) ગ્રાહકો સાથે વહેંચવાના (૧/૩) | (સી) | (૯.૪૭) |
| ના.વ. ૨૦૨૦-૨૧ માટેના ટ્રુ અપ કરાયેલી એઆરઆર | ડી=એ-(બી+સી) | ૧૯૨.૨૦ |

- ના. વ. ૨૦૨૦-૨૧ માટે નફા અને નુકશાનની વહેંચણી કર્યા પછીની ટ્રુ અપ કરાયેલી એઆરઆર રૂા. ૧૯૨.૨૦ કરોડ છે, જ્યારે વીજળીના વેચાણમાંથી થયેલી મહેસૂલી આવક ના.વ. ૨૦૨૦-૨૧ માટે રૂા. ૧૯૯.૯૩ કરોડની છે. આ રીતે, ના.વ. ૨૦૨૦-૨૧ માટેની મહેસૂલી પુરાંત રૂા. ૭.૭૩ કરોડ થાય છે.

  અગાઉના વર્ષોની મંજુર કરવામાં આવેલા તફાવત સહિત ના.વ. ૨૦૨૦-૨૧ માટેની કુલ મહેસૂલી ખાધ / (પુરાંત) અને તે આગળ લઈ જવાના ખર્ચ (કેરીઈંગ કોસ્ટ) સહિત અહીં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની છેઃ

**કોષ્ટક ૨: ના.વ. ૨૦૨૦-૨૧ માટેની સંકલિત મહેસૂલી ખાધ / (પુરાંત)**

(રૂા. કરોડમાં)

| વિગતો | વાસ્તવિક |
|---|---|
| ના.વ. ૨૦૨૦-૨૧ માટેની ચોક્ખી મહેસૂલી ખાધ / (પુરાંત) | (૭.૭૩) |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૮-૧૯ માટેની મંજુર થયેલી સંકલિત મહેસુલી ખાધ/(પુરાંત) | ૯.૬૯ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૬-૧૭ની કેરીઈંગ કોસ્ટ | ૧.૧૫ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૮-૧૯ની મહેસૂલી ખાધ ના.વ. ૨૦૧૯-૨૦ તથા ના.વ. ૨૦૨૦-૨૧માં આગળ લઈ જવાનો ખર્ચ (કેરીઈંગ કોસ્ટ) | ૧.૬૩ |
| **ના.વ. ૨૦૨૦-૨૧ સંકલિત મહેસૂલી ખાધ / (પુરાંત)** | ૪.૭૪ |

**ના.વ. ૨૦૨૨-૨૩ માટેની કુલ મહેસૂલી આવકની જરૂરિયાત (એઆરઆર)**

- અરજદારના પરવાના વિસ્તાર માટેની કુલ મહેસૂલી આવકની જરૂરિયાતની ગણતરી તારીખ ૨૪.૦૯.૨૦૨૧ના સુઓ મોટો આદેશના સંદર્ભમાં આદરણિય આયોગ દ્વારા જીઈઆરસી એમવાયટી નિયમનો, ૨૦૧૬માં નિર્દિષ્ટ કરાયેલી માર્ગદર્શિકાઓ અનુસાર કરવામાં આવી છે. અરજદારે ના.વ. ૨૦૨૨-૨૩ માટેની એઆરઆર અહીં નીચે દર્શાવેલા કોષ્ટક મુજબ રજૂ કરી છેઃ

**કોષ્ટક ૩: ના.વ. ૨૦૨૨-૨૩ માટેની એઆરઆર**

(રૂા. કરોડમાં)

| માપદંડ | ના.વ. ૨૦૨૨-૨૩ |
|---|---|
| વીજળીની ખરીદીનો ખર્ચ | ૨૬૫.૨૦ |
| ઓ એન્ડ એમનો ખર્ચ | ૧૧.૪૧ |
| ઘસારો | ૪.૯૬ |
| વ્યાજ અને ફાયનાન્સ ખર્ચ | ૩.૫૬ |
| સીક્યુરીટી ડીપોઝિટ ઉપરનું વ્યાજ | ૦.૦૯ |
| કાર્યકારી મૂડી ઉપરનું વ્યાજ | ૨.૪૦ |
| ઘાલખાધની જોગવાઈ | - |
| કન્ટીન્જન્સી રિઝર્વ | - |
| **મહેસૂલી ખર્ચ** | ૨૮૭.૬૨ |
| ઈક્વિટી મૂડી ઉપરનું વળતર | ૪.૧૮ |
| આવક વેરો | ૪.૨૫ |
| કુલ રેવન્યુ ખર્ચ | ૨૯૬.૦૫ |
| બાદઃ ટેરિફ સિવાયની આવક | - |
| **મહેસૂલી આવકની કુલ જરૂરિયાત** | **૨૯૬.૦૫** |

**મહેસૂલી ખાધ / (પુરાંત)**

- હાલના દરોએ ના.વ. ૨૦૨૨-૨૩ માટે અંદાજિત મહેસૂલી આવક રૂ. ૨૯૬.૯૮ કરોડની થાય છે, જેની સામે અંદાજિત એઆરઆર રૂ. ૨૯૬.૦૫ કરોડની છે.

- અરજદારે ના.વ.૨૦૨૨-૨૩ માટેની અંદાજિત મહેસૂલી ખાધ / (પુરાંત) નક્કી કરવા માટે ના.વ. ૨૦૨૦-૨૧ની સંકલિત મહેસૂલી ખાધની સાથે તેની ના.વ. ૨૦૨૦-૨૧ની સંકલિત ખાધ ઉપરની કેરીઈંગ કોસ્ટ ના.વ. ૨૦૨૧-૨૨ અને ના.વ. ૨૦૨૨-૨૩ માટે પણ ગણતરીમાં લીધી છે. આ રીતે, ના.વ. ૨૦૨૨-૨૩ માટેની અંદાજિત મહેસૂલી ખાધ રૂ. ૪.૧૦ કરોડ થશે, જે અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક ૪: હાલના દરે ના. વ. ૨૦૨૨-૨૩ માટેની મહેસૂલી ખાધ / (પુરાંત)**

(રૂા. કરોડમાં)

| વિગતો | ના. વ. ૨૦૨૨-૨૩ |
|---|---|
| ના.વ. ૨૦૨૨-૨૩ માટેની અંદાજિત એઆરઆર | ૨૯૬.૦૫ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૨૦-૨૧ માટેની સંકલિત મહેસૂલી ખાધ | ૧.૯૬ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૨૦-૨૧ સુધીની સંકલિત ખાધ આગળ લઈ જવાની કેરીંઈગ કોસ્ટ | ૨.૭૮ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૨૦-૨૧ની સંકલિત ખાધ ના.વ. ૨૦૨૧-૨૨ તથા ના.વ. ૨૦૨૨-૨૩ માં આગળ લઈ જવાની કેરીંઈગ કોસ્ટ | ૦.૨૮ |
| હાલના દરે ના. વ. ૨૦૨૨-૨૩ માટેની અંદાજિત મહેસૂલી આવક | ૨૯૬.૯૮ |
| ના. વ. ૨૦૨૨-૨૩ માટેની મહેસૂલી ખાધ / (પુરાંત) | ૪.૧૦ |

**<u>ના.વ. ૨૦૨૨-૨૩ માટેની દરની દરખાસ્ત</u>**

- ના.વ. ૨૦૨૨-૨૩ માટેની અંદાજીત મહેસૂલી ખાધ હાલના દરે અંદાજે ૫૬૧.૬૯ એમયુના વેચાણ સામે રૂા. ૪.૧૦ કરોડની રહેશે.
- અરજદારની આથી, દરમાં કોઈ વધારો નહીં કરવાની અને હાલના દર યથાવત જાળવી રાખવાની દરખાસ્ત છે.

ના.વ. ૨૦૨૨-૨૩ માટેની દર સૂચિ

- અરજદારે ૧લી એપ્રિલ, ૨૦૨૨થી અમલમાં આવે તે રીતે દરમાં કોઈ વધારો નહીં કરવાની દરખાસ્ત કરી છે. દરખાસ્ત મુજબની દર સૂચિ આ મુજબ છે:

**કોષ્ટક ૫: એમયુએલના પરવાના વિસ્તાર માટેની દર સૂચિ**

| ક્ર.નં. | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જીસ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧ | **રહેઠાણ** | **ફિક્સ્ડ ચાર્જ**<br>સિંગલ ફેઝ સપ્લાય<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૩૦/-<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૪૫/- | પહેલા ૨૫૦ યુનિટ<br>બાકીના યુનિટ | ૩૩૦/પૈસા યુનિટ<br>૩૮૦/પૈસા યુનિટ |
| ૨ | **કોમર્સિયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૧૦૦/- | પહેલા ૧૫૦ યુનિટ<br>બાકીના યુનિટ | ૩૮૦/પૈસા યુનિટ<br>૪૦૫/પૈસા યુનિટ |
| ૩ | **કોમર્સિયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ) | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે) ૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૨૮૦/પૈસા યુનિટ |
| ૪ | **ઈન્ડસ્ટ્રીયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૧૦૦/- | પહેલા ૧૫૦ યુનિટ<br>બાકીના યુનિટ્સ | ૩૫૫/પૈસા યુનિટ<br>૩૮૦/પૈસા યુનિટ |
| ૫ | **ઈન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ) | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો | સમગ્ર વપરાશ | ૨૮૦/પૈસા યુનિટ |

| | | | | |
|---|---|---|---|---|
| | | વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે) ૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | | |
| ૬ | **સ્ટ્રીટ લાઈટ્સ** | | સમગ્ર વપરાશ | ૩૩૦/પૈસા યુનિટ |
| ૭ | **ટેમ્પરરી ડીમાન્ડ** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેકટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૩૫૫/પૈસા યુનિટ |
| ૮ | **એલટી – ઈલેક્ટ્રીક વેહિકલ (ઈવી) ચાર્જીંગ સ્ટેશન** | **રૂ. ૨૫ દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ** | સમગ્ર વપરાશ | ૩૧૫/પૈસા યુનિટ |
| ૯ | **એચટીએમડી – ૧** | **એ) ગ્રાહકની બિલિંગ ડીમાન્ડ, જે**<br>૧) ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે (ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેકટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે અથવા તો ૧૦૦ કેવીએ)<br>૭૫ પૈસા/યુનિટ<br>૨) ૫૦૦ કેવીએ થી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે (ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેકટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૧૧૦ પૈસા/યુનિટ<br>**બી) કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧) ૫૦૦ કેવીએ સુધીની ડીમાન્ડ<br>૧૨૫ પૈસા/યુનિટ<br>૨) ૫૦૦ કેવીએથી વધુની ડીમાન્ડ<br>૧૫૦ પૈસા/યુનિટ | ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ<br><br>૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ | ૩૨૦/પૈસા યુનિટ<br><br>૩૬૦/પૈસા યુનિટ |
| ૧૦ | **એચટીએમડી – ૨** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેકટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે)<br>૧૦૦ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૫૦ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૪૫૫/પૈસા યુનિટ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | **એચટીએમડી – ૩** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ** (ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે) ૭૫ પૈસા/યુનિટ **કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ** ૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૨૮૦/પૈસા યુનિટ |
| ૧૨ | **એચટીએમડી – ૪** | | સમગ્ર વપરાશ | ૨૮૦/પૈસા યુનિટ |
| ૧૩ | **એચટી – ઈલેક્ટ્રીક વેહિકલ (ઈવી) ચાર્જીંગ સ્ટેશન્સ** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ** રૂ. ૨૫ પ્રતિ કેવીએ દર મહિને **કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ** રૂ. ૫૦ પ્રતિ કેવીએ દર મહિને | સમગ્ર વપરાશ | ૩૧૦/પૈસા યુનિટ |
| ૧૪ | **રેલવે ટ્રેક્શન** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ** રૂ. ૧૮૦ પ્રતિ કેવીએ દર મહિને **કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ** રૂ. ૪૨૫ પ્રતિ કેવીએ દર મહિને | સમગ્ર વપરાશ | ૫૦૦/પૈસા યુનિટ |

**નોંધઃ**

૧ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ – કોમર્સિયલ ડીમાન્ડ આધારિત, ઈન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ આધારિત, એચટીએમડી-૧, એચટીએમડી-૨, એચટીએમડી-૩ એચટીએમડી-૪ તથા રેલવે ટ્રેકશનને લાગુ પડે છે.

<u>પાવર ફેક્ટરમાં દરેક ૧% ના સુધારા દીઠ રીબેટ આપવામાં આવે છે.</u>

પાવર ફેક્ટર ૯૦% થી ૯૫% - ૦.૧૫ પૈસા/યુનિટ

પાવર ફેક્ટર ૯૫% થી વધુ - ૦.૨૭ પૈસા/યુનિટ

<u>પાવર ફેક્ટરમાં દરેક ૧% ના ઘટાડા માટે દંડ વસૂલ કરવામાં આવે છે.</u>

પાવર ફેક્ટર ૯૦% થી ઓછો - ૩.૦૦ પૈસા/યુનિટ

૨ એફપીપીપીએ ચાર્જીસ - લાગું પડતા હોય તે મુજબ

૩ એચટીએમડી-૧, એચટીએમડી-૨, એચટીએમડી-૩ એચટીએમડી-૪ તથા રેલવે ટ્રેકશનને ઈએચવી ખાતે સપ્લાય માટે રીબેટ આ મુજબ અપાય છેઃ

| **એનર્જી ચાર્જીસ ઉપર** | | **રીબેટ @** |
|---|---|---|
| ૧ | સપ્લાય ૧૧ કેવી હોય તો | ૦.૦% |
| ૨ | સપ્લાય ૩૩ કેવી હોય તો | ૧.૦% |
| ૩ | સપ્લાય ૬૬ કેવી અને વધુ હોય તો | ૨.૦% |

**નોંધઃ** ઉપરોક્ત રીબેટ ફક્ત માસિક ધોરણે લાગું પડશે અને જે ગ્રાહકોના અગાઉના બિલના લેણા પડતર હશે, તેઓ ઉપરોક્ત રીબેટ મેળવવાને પાત્ર નહીં ગણાય. જો કે, જે ગ્રાહકોના બાકી લેણાની વસૂલાત સામે યોગ્ય અધિકારી/કોર્ટ દ્વારા મનાઈહુકમ ફરમાવાયો હોય તેમને લાગું પડતો રીબેટ અપાશે.